ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૧ તા.૧૧.૯.૨૦૧૭

આદિવાસી વિસ્તાર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કોંગ્રેસના જુના આગેવાનો–કાર્યકરો ભાજપામાં જોડાયા.

----------------

જંબુસરના કોંગ્રેસના માજી.ધારાસભ્ય શ્રી કિરણભાઇ મકવાણા સમર્થકો સાથે ભાજપામાં જોડાયા.

----------------

નેતા વિહોણી, નીતિ વિહોણી અને નિયત વિહોણી કોંગ્રેસ સમગ્ર ભારત અને ગુજરાતમાંથી નેસ્તનાબૂદ થઇ રહી છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ખેડા જીલ્લા, ભરૂચ જીલ્લા, અને સુરત જીલ્લાના કોંગ્રેસના આગેવાનો સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ ભાજપાનો કેસરીયો ધારણ કર્યો - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ કોંગ્રેસ વધુને વધુ તુટતી જાય છે. કોંગ્રેસના એક પછી એક કાંગરા ખરી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી

----------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજ રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ખેડા જીલ્લા, ભરૂચ જીલ્લા, અને સુરત જીલ્લાના કોંગ્રેસના આગેવાનો, માજી.ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કોંગ્રેસની નિષ્ફળ નેતાગીરી, આંતરકલહ્ અને દિશાહિન નિર્ણયોથી ત્રાસીને ભાજપાની વિકાસની રાજનીતિને સમર્થન આપી કેસરીયો ખેસ ધારણ કરી ભાજપામાં જોડાયા હતા.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, નેતા વિહોણી, નીતિ વિહોણી અને નિયત વિહોણી કોંગ્રેસ સમગ્ર ભારત અને ગુજરાતમાંથી નેસ્તનાબુદ થઇ રહી છે. જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ કોંગ્રેસ વધુને વધુ તુટતી જાય છે. કોંગ્રેસના એક પછી એક કાંગરા ખરી રહ્યા છે. સમગ્ર વિશ્વએ જેમને વિકાસપુરૂષ તરીકે નવાજ્યા છે તેવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ત્રણ જ વર્ષમાં ભારતે સફળતાના અનેક શિખરો સર કર્યા છે. ભાજપાની વિકાસની રાજનીતિને સમગ્ર દેશમાંથી અપાર જનસમર્થન મળી રહ્યુ છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. ભારતના ૧૭ જેટલા રાજ્યોમાં ભાજપાની સરકાર છે અને દેશના સીત્તેર ટકા ભૂભાગ પર ભાજપાનું શાસન છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંતત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસના નવા આયામો સર કરી રહ્યુ છે, ત્યારે ભાજપાની વિકાસની રાજનીતિથી પ્રેરાઇને ગુજરાત કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ વરિષ્ઠ આગેવાનો ભાજપાના 'સૌના સાથ સૌના વિકાસ' ના મંત્રમાં વિશ્વાસ મુકીને ભાજપામાં જોડાઇ રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



એક સમયમાં કોંગ્રેસનો ગઢ ગણાતો ખેડા જીલ્લો હવે સંપૂર્ણ કોંગ્રેસમુક્ત થઇ કેસરીયા રંગે રંગાઇ ગયો છે. ત્રીસ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા તેવા ખેડા જીલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અને ખેડા જીલ્લા પંચાયતના સભ્યશ્રી ભરતસિંહ રાયસિંહભાઇ પરમાર, તેમની સાથે ખેડા જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી અમિતભાઇ કિર્તિકુમાર શાહ, ખેડા જીલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી સુધાબેન ચૌહાણ અને ખેડા જીલ્લા કિસાન કોંગ્રેસના પ્રમુખશ્રી ભીખાભાઇ પટેલ તેમના સમર્થકો સાથે ભાજપામાં જોડાયા હતા.

કોંગ્રેસની નીતિરીતિથી ત્રસ્ત થઇ જંબુસરના કોંગ્રેસના માજી.ધારાસભ્યશ્રી કિરણભાઇ મકવાણા, માજી.તાલુકા પંચાયત સભ્યશ્રી ગોરધનભાઇ પરમાર, કોંગ્રેસના આગેવાનશ્રીઓ શ્રી ઇસ્માઇલભાઇ, શ્રી ચંદ્રસિંહ ગોહિલ, શ્રી મોતીભાઇ ગોહિલ, શ્રી પુંજાભાઇ ગોહિલ સહિતના આગેવાનો તેમના સમર્થકો સહિત ભાજપા સાથે જોડાયા હતા.

તે જ દિશામાં સુરત જીલ્લાના નિઝર તાલુકા પંચાયત પ્રમુખશ્રી અને કોંગ્રેસના આગેવાન શ્રીમતી રજીલાબેન પાડવી, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રીમતી કનીતાબેન વળવી, ન્યાય સમિતિ અધ્યક્ષશ્રી રાજુભાઇ મોરે, નિઝર તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ શ્રી દિલિપભાઇ મોરે, શ્રી મણીલાલ ભીલ, શ્રી હિરાલાલ ગુરવ, શ્રીમતી શાંતાબેન સાળવે અને સુરત ડીસ્ટ્રીક્ટ બેંકના ડિરેક્ટરશ્રી, નિઝર તાલુકા કોંગ્રેસના માજી. પ્રમુખ તેમજ એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન શ્રી દિલિપભાઇ પાટીલ સહિતના આગેવાનો તેમના સમર્થકો સાથે ભાજપામાં જોડાયા હતા.

સુરત જીલ્લાના માંડવી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ચૌધરી, સુરત જીલ્લા કોંગ્રેસના મહામંત્રીશ્રી અર્જુનભાઇ ચૌધરી, માંડવી તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ ઉપપ્રમુખશ્રી અનિલભાઇ ચૌધરી, શ્રી અશોકભાઇ રાઠોડ, શ્રી વિપુલભાઇ ચૌધરી, શ્રી કરશનભાઇ ચૌધરી, શ્રી નારસીંગભાઇ ચૌધરી, શ્રીમતી મીનાબેન ચૌધરી સહિતના આગેવાનો તેમના સમર્થકો સાથે ભાજપામાં જોડાયા હતા.

શ્રી વાઘાણીએ કોંગ્રેસના સ્થાનિક નેતાના નિવેદનની ઝાટકણી કાઢતા કહ્યુ હતુ કે, કોંગ્રેસના નેતાઓ વિધાનસભાની ચૂંટણીમાં જીતી શકતા નથી. કોંગ્રેસે તેના શાસનમાં દેશ અને ગુજરાતનું ધનોતપનોત કાઢી નાંખ્યુ હતુ, ત્યારે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે કોંગ્રેસે કરેલા કાળા કરતૂતોને 'યુવા ટાઉનહોલ'ના માધ્યમથી ઉજાગર કરતાં વેધક સવાલો કોંગ્રેસને પુછ્યા હતા તેનો જવાબ પહેલા કોંગ્રેસ ગુજરાતની જનતાને આપે. ગુજરાતમાં જનસમર્થન ગુમાવી ચૂકેલી કોંગ્રેસે બેબુનિયાદ આક્ષેપો કરતાં પહેલા અરીસામાં કોંગ્રેસ ૬૦ વર્ષ સુધી કરેલી વિકૃત રાજનીતિનો પોતાનો ચહેરો જુએ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૧૧.૯.૨૦૧૭

**આજ રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ગાંધીનગર ખાતે મીડીયા તેમજ આઇ.ટી. - સોશીયલ મીડીયાનો એક દિવસીય સંયુક્ત વર્કશોપ કેન્દ્રના સન્માનીય નેતૃત્વ અને પ્રદેશના શિર્ષસ્થ નેતૃત્વની ઉપસ્થિતમાં સફળતાપૂર્વક સંપન્ન.**

----------------

**૧૯૯૫ પહેલાના કોંગ્રેસના શાસનમાં ગુજરાતની સાચી પરિસ્થિતિ અને છેલ્લા બે દાયકામાં ભાજપા શાસનમાં થયેલ અભૂતપૂર્વ વિકાસ મીડીયા તથા સોશીયલ મીડીયાના માધ્યમથી જનજન સુધી પહોંચાડીએ - શ્રી જીતુભાઇ વાઘાણી**

----------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ઉપમુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતનું હિત સુરક્ષિત છે તથા ગુજરાતનો ચૌમુખી વિકાસ નિશ્ચિત છે – શ્રી અરૂણ જેટલીજી**

----------------

**આક્રમકતાની સાથે સાથે શાલીનતા એ મીડીયા ક્ષેત્રને સંલગ્ન કાર્યકરનો સ્વભાવ બની રહેવો જોઇએ – શ્રી અરૂણ જેટલીજી**

----------------

**પારદર્શી, ઇમાનદાર, નિર્ણાયક અને સંવેદનશીલ ભાજપા સરકાર પ્રજાના સુખે સુખી થતી અને પ્રજાના દુઃખે દુઃખી થતી પ્રજાલક્ષી સરકાર છે. ૧૫૦+ એ માત્ર નારો નહી પરંતુ, પ્રજાના આશીર્વાદથી ફળીભૂત થનાર આપણો કૃતસંકલ્પ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

----------------

**મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ તથા લઘુ ઉદ્યોગોને ક્રેડિટ સહાય દ્વારા લાખો રોજગારીનું સર્જન છેલ્લા ત્રણ વર્ષના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનમાં થયુ છે – શ્રી નિર્મલા સીતારમનજી**

----------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડયા એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ગાંધીનગર ખાતે મીડીયા તેમજ આઇ.ટી. - સોશીયલ મીડીયાનો એક દિવસીય સંયુક્ત વર્કશોપ કેન્દ્રિય નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજી, કેન્દ્રિય સંરક્ષણ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજી, રાષ્ટ્રીય પ્રવક્તાઓશ્રી સંબિત પાત્રા, શ્રી જી.વી.એલ. નરસિમ્હારાવજી, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઇ ગયો.

સ્વાગત પ્રવચન કરતાં વર્કશોપમાં પધારેલા સર્વેને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રચાર-પ્રસારના માધ્યમો દિન-પ્રતિદિન બદલાતા રહે છે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટીથી ભાજપાના કાર્યકરને તે સમયે પ્રશિક્ષિત કરતા રહ્યા હતા. જેને પરીણામે મીડીયા તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી ભાજપામાં નાનામાં નાનો કાર્યકર પરિચિત તેમજ ભાજપાની વિચારધારા છેવાડાના માનવી સુધી લઇ જવા માટે સક્ષમ છે.

... ૨ ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કોંગ્રેસને આડે હાથે લેતા શ્રી જીતુભાઇએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ જે રીતે પાયા વિહોણા આક્ષેપો ભાજપા પર કરી રહી છે તેના જુઠ્ઠાણાનો પર્દાફાશ કરવા તેમજ સત્યને બહાર લાવવા ભાજપાની મીડીયા તેમજ સોશીયલ મીડીયાની ફોજ તૈયાર છે. ગઇ કાલે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના કાર્યક્રમના અહેવાલને ટાંકતા તેમણે જણાવ્યુ હતુ કે, ૧૯૯૫ પહેલાનું કોંગ્રેસના શાસનમાં ગુજરાત અને અત્યારના ગુજરાત વિશેની સાચી માહિતી તેમજ પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે ભાજપા શાસનમાં થયેલા પ્રામાણિક તથા નિષ્ઠાપૂર્વકના યત્નો તથા ઘનિષ્ઠ લોકસંપર્ક જાળવવા માટે મીડીયા તેમજ સોશીયલ મીડીયાનું માધ્યમ ખુબ જ જરૂરી છે. પોતાના જન્મદિને સૌએ આપેલી શુભકામનાઓ બદલ પક્ષની વિચારધારા તેમજ પક્ષનો વ્યાપ વધારવા હંમેશા કાર્યરત રહું તેવા આશીર્વાદ પ્રદેશ પ્રમુખશ્રીએ સર્વે ગુણીજનો પાસે માંગ્યા હતા.

આ વર્કશોપમાં કેન્દ્રિય મંત્રીશ્રી અરૂણ જેટલીજીએ ચૂંટણીમાં મીડીયા તેમજ સોશીયલ મીડીયા વિભાગની જવાબદારી વિશે પ્રેરક માર્ગદર્શન આપતાં જણાવ્યુ હતુ કે, દરેક ચૂંટણીનો એક આગવો સંદર્ભ હોય છે. મીડીયામાં પોતાની વાત મુકવા માટે સંદર્ભ અનિવાર્ય છે. છેલ્લી ચાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓનું મૂલ્યાંકન કરતાં શ્રી જેટલીજીએ જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૨ બાદ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને તેમજ ગરવી ગુજરાત વિરૂધ્ધ બેફામ પાયાવિહોણા આક્ષેપો સાથેનો પ્રચાર જ્યારે ચરમસીમાએ હતો અને હકીકતમાં વાસ્તવિકતા આ જુઠ્ઠાણાથી તદ્દન વિરૂધ્ધ હતી, તે બાબત તથા વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૨માં કેન્દ્રના કોંગ્રેસના શાસનમાં ગુજરાતના વિકાસમાં જે રીતે અવરોધો ઉભા કર્યા હતા તે તમામ બાબતો જે તે સમયે મીડીયા તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી આપણે અસરકારક રીતે લોકોને પહોચાડી શક્યા હતા. સને ૨૦૦૭માં શ્રી નરેન્દ્રભાઇ મોદીના આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા થયેલા અપપ્રચારની સામે *'જીતેગા ગુજરાત'* ના નારા સાથે ભાજપા ચૂંટણીના મેદાનમાં ઉતરીને માત્ર વિકાસના એજન્ડા સાથે પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો. ચૂંટણીમાં હંમેશા સકારાત્મક મુદ્દા અને શાલીનતાથી ભરેલી આક્રમકતા અનિવાર્ય છે. મીડીયા સાથે સંલગ્ન વ્યક્તિઓ દ્વારા પ્રચાર-પ્રસારના માધ્યમોનો વિવેકપૂર્વક ઉપયોગ અને સંદર્ભ તેમજ વિષય અંગે માહિતી ખુબ જ જરૂરી છે.

આફતને અવસરમાં પલટાવવાની ક્ષમતા ભાજપાના કાર્યકરમાં રહેલી છે. શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં સકારાત્મક વાતાવરણમાં સરકાર કાર્ય કરી રહી છે એવા સમયે આજે દેશનું નેતૃત્વ ગુજરાતના બંને સપૂતોના હાથમાં છે. આવા ઐતિહાસિક સમયના આપણે સાક્ષી બન્યા છીએ તે આપણા માટે ગૌરવભર્યુ છે. બુલેટ ટ્રેનથી લઇને ગુજરાતમાં થયેલા વિકાસના અનેકાનેક કાર્યોમાં હજુ અનેકગણો વધારો થશે તે નિઃસંદેહ બાબત છે અને રાજ્ય મજબુત થશે તો દેશ પણ મજબુત બનશે જ તેમ શ્રી જેટલીજીએ જણાવ્યુ હતુ.

રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનજીએ તેમની પ્રભાવક શૈલીમાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં થઇ રહેલા વિકાસના અનેકાનેક કાર્યો વિશે સહવિસ્તાર માહિતી આપી હતી. દેશમાં માત્ર પરિવર્તન નહી પરંતુ આમુલ પરિવર્તન આવી રહ્યુ છે. ભાજપાના શાસનમાં અંત્યોદયના વિકાસની વિચારધારા કેન્દ્ર વર્તી રહી છે. જ્યારે નર્મદા યોજના હોય કે ગેસની પાઇપ લાઇન નાખવાની વાત હોય, ગુજરાતના વિકાસને ડગલે ને પગલે રોકવાનું કાર્ય યુ.પી.એ.ના શાસનમાં કોંગ્રેસે કર્યુ છે. યુ.પી.એ.ના શાસનમાં ગુજરાતના સંસદસભ્યો ગુજરાતના સળગતા પ્રશ્નોને લઇને તેની પુસ્તિકા બનાવીને પ્રત્યેક સત્રમાં કાયમ માટે કોંગ્રેસ સરકાર ભારપૂર્વક રજુઆત કરતા દ્રષ્યો મને બરાબર યાદ છે તેમ શ્રી નિર્મળાજીએ જણાવ્યુ હતુ.

... 3 ...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



બે વર્ષની અંદર ઉદ્યોગોને લગતા કાયદાકીય પ્રશ્નો અને કોર્ટના કેસોના નિર્ણાયક ઉકેલ લાવવાની વાત હોય, ૧૫૦૦થી વધુ જુના-પુરાણા કાયદા નાબૂદ કરવાની વાત હોય, કે લવાદ મારફતે કાનુની ગુંચવણો ઉકેલીને ઉદ્યોગોના વિકાસ આડેની આડખીલીરૂપ પ્રશ્નો ઉકેલવા હોય આ તમામ બાબતો ભાજપના શાસનમાં શક્ય બની છે.

મુદ્રા લોન, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્ટેન્ડઅપ ઇન્ડિયા, લઘુ-મધ્યમ ઉદ્યોગોને ક્રેડિટ સહાય જેવા અનેકાનેક પગલા દ્વારા આડકતરી રીતે લાખો રોજગારીના સર્જનનું પ્રશંસનીય કાર્ય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપાના શાસનમાં થયુ છે. આધાર કાર્ડ, જનધન યોજના જેવી કરોડો દેશવાસીઓને આવરી લેતી યોજનાઓ માત્ર ત્રણ વર્ષમાં છેવાડાના માનવી સુધી લાભપ્રદ બની છે. કુદરતી સંપત્તિથી સમૃધ્ધ રાજ્યોના જીલ્લાઓને તેમના ખાણ-ખનીજોની જાહેર હરાજીના એક ભાગની નાણાકીય સહાય પ્રાપ્ત કરાવવાનો યશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની ભાજપા સરકારને ફાળે જાય છે.

આજની આ સંયુક્ત કાર્યશાળાને સંબોધન કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ છેલ્લા બે દાયકામાં ભાજપા શાસનમાં થયેલ અને વિશિષ્ટ રૂપે છેલ્લા એક વર્ષમાં સાકાર પામેલા વિક્રમી વિકાસ કાર્યોની રૂપરેખા સૌને આપી હતી.

છેલ્લા બે દાયકામાં ભાજપાના શાસનમાં, ચાહે એ શ્રી નરેન્દ્રભાઇનું શાસન હોય, શ્રીમતી આનંદીબેન પટેલનું શાસન હોય કે વર્તમાન શાસન હોય. એવુ એકપણ કાર્ય એવુ નથી થયુ કે જેનાથી ભાજપાના કાર્યકરે તેનું માથુ શરમથી ઝુકાવવું પડે. આપણે ડંકાની ચોટ ઉપર ગર્વભેર કહી શકીએ તેવા પ્રજાકલ્યાણના કાર્યો મન મૂકીને કર્યા છે. કોંગ્રેસના શાસનમાં ૧૯૯૫ પહેલા રાજકોટમાં ચાર-ચાર દિવસે પાણી આવતુ, લોકો છ-છ ફૂટ ઉંડા ખાડા ખોદીને પાણી ભરતા, પાણી માટે ટ્રેનો તથા ટેન્કરો દોડતા હતા. અમદાવાદમાં તે સમયે છાશવારે રમખાણો થતા, કરફ્યુ નખાતો, અજંપા અને અશાંતિના દિવસોમાં પ્રજાને જીવન પસાર કરવુ પડતુ હતુ.

ભાજપાનું શાસન આવ્યા પછી શાંતિ, સલામતિ પ્રજાજીવનમાં સ્વાભાવિક બન્યા છે. સુજલામ સુફલામ યોજના હોય, સૌની યોજના હોય કે નર્મદા યોજના હોય – આજે પાણીનો પ્રશ્ન ભૂતકાળ બન્યો છે. સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો તથા ૨૦૦૦ તળાવો સૌની યોજના દ્વારા પાણીથી ભરાવાના છે. નર્મદા આપણી સંસ્કૃતિ અને વિકાસની હસ્તરેખા છે. ૧૯૬૧માં જવાહરલાલ નેહરૂએ શિલાન્યાસ કર્યા પછી ૧૯૭૫ સુધી કોંગ્રેસનું કેન્દ્ર તથા રાજ્યમાં એકચક્રી શાસન હતુ, તેમ છતા નર્મદા યોજના સહેજ પણ આગળ ન વધી તેનો કોંગ્રેસ પાસે શું જવાબ છે?

મુખ્યમંત્રીશ્રીએ યુવાનો માટે સરકારે કરેલા કાર્યોમાં ૮૪ ટકા રોજગારી પૂરી પાડીને પ્રથમ ક્રમે રહેલ ગુજરાત, માત્ર એક જ વર્ષમાં ૮૦ હજાર યુવાનોને સરકારી નોકરીઓ, ૧૦ લાખ યુવાનોને ખાનગી ક્ષેત્રોમાં નોકરીઓ, આઠ રોજગાર મેળામાં એક લાખ નવ હજાર યુવાનોને સીધી નિમણુંક, મહિલા રોજગાર મેળા દ્વારા ૨૫ હજાર મહિલાઓને નોકરી- વગેરે વિકાસના કીર્તિમાનોથી સૌને અવગત કર્યા હતા.

સરકારની કૃષિલક્ષી રાજનીતિ દ્વારા એક ટકા વ્યાજે ત્રણ લાખ સુધીનું ધિરાણ, ૧૬૦૦ કરોડની મગફળી અને તુવેરની ટેકાના ભાવે ખરીદી, મગફળીના પાકવીમાની ૧૦૦૦ કરોડની રકમ માત્ર એક વર્ષમાં મંજુર કરાવવી સહિત કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડથી વધારીને એક લાખ છવ્વીસ હજાર કરોડ સુધી પહોંચાડવાના ભાજપાના શાસનમાં થયેલા ભગીરથ કાર્યોથી તેમણે સૌને માહિતગાર કર્યા હતા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓ માટે, છેવાડાના માનવીઓ માટે, વનબંધુઓ માટે તથા કેન્દ્રની અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા છેવાડાના માનવી માટે થયેલ સત્કાર્યોની સવિસ્તાર માહિતી સૌ કાર્યકરોને આપી હતી. છેલ્લા એક વર્ષમાં દારૂબંધીનો કડક કાયદો, હુક્કાબાર પર પ્રતિબંધ, ગૌહત્યાનો કડક કાયદો, ગૌમાંસના વેચાણ અને હેરફેર ઉપર કડક પ્રતિબંધ, ફી નિર્ધારણ કાયદો, શહેરી જમીન ટોચ મર્યાદા કાયદામાં સુધારા દ્વારા ૧૦ લાખ મકાનોને કાયદેસર કરવાનું પ્રજાલક્ષી કાર્ય – તે સૌ બાબતો અંગે સૌનું વિશેષ ધ્યાન દોર્યુ હતુ.

પારદર્શી, ઇમાનદાર, નિર્ણાયક અને સંવેદનશીલ ભાજપાની ગુજરાત સરકાર લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી થતી પ્રજાલક્ષી સરકાર છે. વર્ષો સુધી દેશ અને રાજ્યને ભ્રષ્ટ અને દિશાવિહિન શાસન આપનાર કોંગ્રેસનો આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં કરૂણ રકાસ નક્કી જ છે. ૧૫૦+ એ માત્ર નારો નહી પરંતુ પ્રજાના આશીર્વાદથી ફળીભૂત થનારો આપણો કૃતસંકલ્પ છે એમ, મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

આ વર્કશોપમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલે પોતાની આગવી શૈલીમાં કોંગ્રેસ દ્વારા થતા નકારાત્મક અને જુઠ્ઠાણાથી સભર પ્રચાર અંગે મીડીયા ડિબેટ ટીમના સભ્યોને અવગત કર્યા હતા અને ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં ભાજપા શાસનમાં થયેલ નક્કર કાર્યોને પૂર્ણ આત્મવિશ્વાસથી જનજન સુધી પહોંચાડવાની મીડીયા ડિબેટ ટીમના સભ્યોને હાકલ કરી હતી.

ભાજપાના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી સંબિત પાત્રાએ તેમની મનનીય શૈલીમાં ડિબેટ પેનલના સભ્યોની ભુમિકા અને આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં મીડીયા વિભાગના કાર્યકરોની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, ડિબેટ પેનલના સભ્યોએ રાજ્ય અને દેશના રોજેરોજના સમાચારો તેમજ મહત્વની ઘટનાઓ બાબતે સતત માહિતગાર રહેવુ જોઇએ તેમજ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની વિકાસલક્ષી સફળ કામગીરી અને પ્રજાલક્ષી યોજનાઓની સંપૂર્ણ માહિતી લોકો સુધી સરળ શૈલીમાં પહોંચાડવી જોઇએ.

ભાજપાના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી જી.વી.એલ. નરસિમ્હારાવે મીડીયા પ્રબંધન બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ મીડીયા કાર્યકરોને સ્થાનિક મીડીયા સાથે સતત સંપર્કમાં રહીને ભાજપાની માહિતીસભર વિકાસના કાર્યોની સંપૂર્ણ માહિતી પહોંચાડવાની હાકલ કરી હતી.

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ તેમની રસાળ શૈલીમાં મીડીયા ક્ષેત્ર સાથે જોડાયેલા કાર્યકરોને યોજક અને સર્જક વચ્ચેનો ભેદ વર્ણવીને વ્યક્તિની ઓળખ તેના વાણી-વર્તન અને વ્યવહારથી થતી હોય છે તેના મહત્વને સમજાવ્યુ હતુ. પ્રદેશ કન્વીનરશ્રી ડો. હર્ષદ પટેલે ડિબેટ પેનલ અને જીલ્લા મીડીયા કન્વીનરશ્રીઓને વ્યવસ્થા સંબંધી ઉપયોગી માહિતી આપી હતી.

સોશીયલ મીડીયાના ઇન્ચાર્જશ્રી અમિતભાઇ ઠાકરે સોશીયલ મીડીયાના કાર્યકર્તાઓને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની યોજનાઓ જનજન સુધી પહોચાડવા માટે પેજ પ્રમુખો સહ બુથ સુધી વોટ્સએપ ગૃપ બનાવવાનું આહ્વાન કર્યુ હતુ અને જીલ્લાસહ સોશીયલ મીડીયા વિભાગની કામગીરીનો સંપૂર્ણ તાગ મેળવ્યો હતો. સોશીયલ મીડીયાના ઇન્ચાર્જશ્રી પંકજભાઇ શુક્લે સોશીયલ મીડીયાના ટેકનિકલ બાબતો, એનાલીટીકલ બાબતોનું પ્રેઝન્ટેશન કરીને સોશીયલ મીડીયા વિભાગના કાર્યકર્તાઓને સોશીયલ મીડીયા પર એક્ટિવ થવા પર માર્ગદર્શન આપ્યુ હતુ. ઇન્ચાર્જશ્રી તરૂણભાઇ બારોટે આગામી સમયમાં યોજનારા સોશીયલ મીડીયાના સેમીનાર તેમજ પાર્ટીના આગામી કાર્યક્રમો વિશે માહિતી આપી હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાજ્ય સરકારના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વર્કશોપમાં ઉપસ્થિત રહીને સૌ કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. રાજ્ય સરકારના મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ કાર્યકર્તાઓ સાથે પોલીટીકલ ઇન્ટેલિજન્સ અને પોલીટીકલ સેન્સ વિશે વાત કરી હતી અને કાર્યકર્તાઓને મીડીયા તેમજ સોશીયલ મીડીયામાં ચાલતી ખબરોનું એનાલીસીસ કરીને ખબરોમાં બીટવીન ધ લાઇન્સ શું લખાયેલુ છે તે સમજીને તેનો સોશીયલ મીડીયામાં મહત્તમ ઉપયોગ કરીને પાર્ટીની વિચારધારા જનજન સુધી પહોચાડવાનું આહવાન્ કાર્યકર્તાઓને કર્યુ હતુ.

સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ આ વર્કશોપના સમારોપ સત્રમાં મીડીયા તેમજ સોશીયલ મીડીયાના કાર્યકરોને બુથલેવલ સુધી વ્યવસ્થા પૂર્ણ કરીને ગુજરાતના વિકાસ અને ભાજપા શાસનમાં થયેલા પ્રજાલક્ષી નક્કર કાર્યોનું જનજન સુધી પહોંચાડવાની શ્રી દલસાણીયાએ અપીલ કરી હતી.

આ સમગ્ર વર્કશોપનું સંચાલન શ્રી જગદીશ ભાવસાર અને આભારવિધિ ઉત્તર ઝોનના કન્વીનરશ્રી હેમંતભાઇ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ